| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૮/૭/૨૦૨૩ |
| નોંધણી તારીખ | ૨૮/૭/૨૦૨૩ |
| ફેસલ તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ: માસ: દિવસ: |

=======================================

**સાણંદના મહેરબાન એડી.જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં, મું: સાણંદ સમક્ષ.**

=======================================

**ફોજદારી કેસ નં. ૧૨૮૧/૨૦૨૩**
આંક:

**ફરિયાદી** :- શ્રી સ ર કા ર

**વિ રૂ ધ્ધ**

**આરોપી :-(૧)** મયુરકુમાર મોન્ટુ ડાહયાભાઈ ચૌહાણ
રહે.વણકરવાસ બેકસ્ટર પાણીની ટાંકી
સામે, ચાચરાવાડી વાસણાગામ
તા.સાણંદ જિ. અમદાવાદ
(૨) બળદેવભાઈ ઉર્ફે રાહુલ રાજુભાઈ ઠાકોર
રહે.૨૬,ગરબાચોક ભાતગામ
દસક્રોઈ અમદાવાદ.

-----------------------------------

**ગુનો : પ્રોહી. એકટની કલમ: ૬૫(એ)(એ),૧૧૬(બી) મુજબ**

-----------------------------------

**ફરિયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી એન.આર.રાણા**
**આરોપી તરફે વિ.વ.શ્રી પી.જી.ગઢવી**

-----------------------------------

**-:: ઠરાવ ::-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૬/૦૨/૨૦૨૩ ના કલાક ૨૧/૪૫ વાગે પોતાના કબજા ભોગવટામા ગેર કાયદેસર વગર પાસ પરમીટે ભારતીય બનાવટનની રોયલ જનરલ પ્રીમીયમ વ્હીસ્કી ફોર સેલ ઈન યુ.ટી. ચંદીગઢ ૭૫૦ એમ.એલ.ની સીલબંધ મળી આવેલ જે એક બોટલની કીંમત રૂ.૫૦૦/- લેખે કુલ બોટલ નંગ ૨૨ ની કીંમત રૂ.૧૧૦૦૦/- ના મુદામાલ સાથે પકડાઈ જઈ ગુન્હો કર્યા બાબતની ફરીયાદ ફરિયાદીએ ચાંગોદર પોલીસ સ્ટેશનમાં નોંધાવતા અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી થવા સારું નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) સદર કામે આરોપીને સમન્સની ધોરણસર બજવણી થતાં આરોપી નામદાર કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ: ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પૂરી પાડયા બાદ આરોપી પર આંક: ૧૯ થી તહોમતનામું ફરમાવી આરોપીની આંક: ૦૫ અને ૦૬ લગત પ્લી/જવાબ લેવામા આવેલ, જેમા તેઓએ ગુનો કબુલ હોવાનું ઈન્કાર કરેલ, જેથી સદર કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**મૌખિક પુરાવો:-**

| ક્રમ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી જગદીશભાઈ ઠાકરશીભાઈની જુબાની | ૦૯ |
| ૨. | પંચસાહેદ અરુણભાઈ વીનોદભાઈ ચાવડાની જુબાની | ૧૧ |
| ૩. | પંચસાહેદ ફૈઝલભાઈ મહંમદતાજ પઠાણની જુબાની | ૧૭ |
| ૪. | ત.ક.અ.સરદારસંગ ભરતસંગ રાઠોડની જુબાની | ૨૪ |

## દસ્તાવેજી પુરાવો:-

| ક્રમ | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૦ |
| ૨ | પંચનામુ | ૧૨ |

(૪) આ સિવાય ફરિયાદપક્ષ તરફે અન્ય કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી અને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક રજુઆત કરેલી છે કે આ સિવાય અન્ય કોઈ પુરાવો રજૂ કરવા માંગતા નથી અને તેથી ફરિયાદીપક્ષનો પુરાવો બંધ કરવામા આવેલ છે. ફરિયાદી પક્ષ તરફે રજૂ પુરાવો જોતા આરોપીનું સી.આર.પી.સી. કલમ – ૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેમની ઉપર આ ખોટો કેસ કરવામા આવેલ છે, તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે. ત્યાર બાદ બંને પક્ષોની દલીલો સાંભળી.

(૫) આ કામે ફરીયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

## //મુદાઓ//

(૧) શુ ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા.૧૬/૦૨/૨૦૨૩ ના કલાક ૨૧/૪૫ વાગે પોતાના કબજા ભોગવટામા ગેર કાયદેસર વગર પાસ પરમીટે ભારતીય બનાવટનની રોયલ જનરલ પ્રીમીયમ વ્હીસ્કી ફોર સેલ ઈન યુ.ટી. ચંદીગઢ ૭૫૦ એમ.એલ.ની સીલબંધ મળી આવેલ જે એક બોટલની કીંમત રૂ.૫૦૦/–

ની લેખે કુલ બોટલ નંગ ૨૨ ની કીંમત રૂ.૧૧૦૦૦/– ના મુદામાલ સાથે રાખી રેઈડ દરમીયાન પકડાઈ જઈ પ્રોહી એકટની કલમ: ૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબનો શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો, આ પછી તરત જ દર્શાવેલ કારણો તથા ચર્ચાના અંતે નીચે મુજબ છે.

(૧) નકારમા
(૨) આખરી હુકમ મુજબ.

//***નિર્ણય માટેના કારણો***//

(૭) **મુદ્દા ન. ૧:–** આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી જગદીશભાઈ ઠાકરસીભાઈનાઓને આંક: ૯ થી તપાસવામા આવેલ છે. તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, તેઓ સાડા ત્રણ વરસથી અ.હે.કો તરીકે ચાંગોદર પો.સ્ટેમા ફરજ બજાવતા હતા તારીખ ૧૬/૨/૨૦૨૩ ના રોજ તેઓ પેટ્રોલીંગમા હતા તે વખતે તેઓને બાતમી મળેલ કે ચાચરાવાડી વાસમા રહેતો મહેશકુમાર મોન્ટુ ડાહ્યાભાઈ ચૌહાણ પોતાના ઘરમાં ઈંગ્લીશ દારુનુ વેચાણ કરે છે જેથી નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી તેઓને બાતમી હકીકતથી વાકેફ કરી બાતમી વાળી જગ્યાએ રેઈડ કરવા સારુ ગયેલ તે સમયે આ કામના આરોપી હાજર મળી આવેલ તેનુ પોલીસ તથા પંચો રુબરુ નામઠામ પુછતા મયુરકુમાર મોન્ટુ હોવાનુ જણાવેલ અને તેની હાજરીમા મકાનમા તપાસ કરતા મેળાના ભાગમા મીણયાનો એક કોથળો મળી આવેલ જે પંચો રુબરુ તપાસતા ભારતીય બનાવટની રોયલ જનરલ પ્રીમીયમ વ્હીસ્કી ફોર સેલ ઈન યુટી ચંદીગઢ ૭૫૦ મીલીની બોટલ કુલ ૨૨ નંગ મળી આવેલ જેની એક બોટલની કીંમત રૂ.૫૦૦/– લેખે ગણી

કુલ ૨૨ બોટલની કીંમત રૂ.૧૧,૦૦૦/- ગણી .સદર મુદામાલ અંગેની પાસ પરમીટ માગણા ના હોવાનુ જણાવેલ. બાદ કલાક ૨૧/૧૫ થી ૨૧/૪૫ વાગા સુધીનુ પંચનામુ કરેલ તથા મુદામાલ કબજે કરેલ. આરોપી વીરુદઘની ફરીયાદ તેઓએ આપેલ જે આંક ૧૦ થી રજુ રાખવામા આવેલ છે જેમા તેઓએ તેમની સહી ઓળખી બતાવેલ છે .

જયારે સદર ફરીયાદીની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા એ હકીકતને ઈન્કારેલ છે કે, સાહોદોના નીવેદનો અમોએ જાતે લખી લીધેલ . એ વાત ખરી છે કે મુદામાલ મળેલ સ્થળનાકોઈ માલીકી અંગેના પુરાવા આ કામે સામેલ રાખેલ નથી. એ વાત ખરી છે કે તેઓએ તેમની ફરીયાદમા પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી નથી કે સદર કામે પુરતો પુરાવો નહી હોવા છતાં આરોપી વિરુદ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ છે . માત્ર સારી કામગીરી દર્શાવવા ખોટુ ચાર્જશીટ કરેલ છે .

**(૭.૧)** વધુમા સદર કામે પંચસાહેદ અરુણભાઈ વીનોદભાઈ ચાવડાનાઓને આંક: ૧૧ થી તપાસવામા આવેલ છે. તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, તારીખ ૧ ૬/૦૨/૨૦૨૩ ના રોજ ચાંગોદર પોલીસના બોલાવાથી તેઓ પંચ તરીકે સ્વખુશીએ હાજર રહેલ અને તેઓને એક તૈયાર કાગળ ઉપર સહી કરવાનુ કહેતા તેઓએ પોલીસના કહેવાથી લખાણ લખેલા એક કાગળમા તેમની સહી કરી આપેલી, તેઓએ જે કાગળમા સહી કરેલ તે પોલીસે તેમને વાંચવા આપેલ નહી કે વાંચી સંભળાવેલ નહી.તેઓને આંક: ૧૨ નુ પંચનામુ બતાવવામા આવેલ જેમા પંચ નં.૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે. સહી કર્યા સિવાય બનાવ બાબત તેઓ કશુ જાણતા નથી.

આમ, સદર પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીનાઓએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ

કરતા તેમા પણ કોઈ મહત્વની અને ફળદાયી હકીકત રેકર્ડ પર આવેલ નથી. જયારે સદર પંચસાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા એ વાતને સ્વીકારેલ છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામા પોલીસના કહેવાથી સહી કરેલી, તે સિવાય બીજી કોઈ જ માહીતી નથી તેમની રૂબરૂ પોલીસે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરેલ નથી.

**(૭.૨)**વધુમા સદર કામે પંચસાહેદ ફૈઝલ મહંમદતાજ પઠાણનાઓને આંક: ૧૭ થી તપાસવામા આવેલ છે. તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, તારીખ ૧૬/૦૨/૨૦૨૩ ના રોજ ચાંગોદર પોલીસના બોલાવાથી તેઓ પંચ તરીકે સ્વખુશીએ હાજર રહેલ અને તેઓને એક તૈયાર કાગળ ઉપર સહી કરવાનુ કહેતા તેઓએ પોલીસના કહેવાથી લખાણ લખેલા એક કાગળમા તેમની સહી કરી આપેલી, તેઓએ જે કાગળમા સહી કરેલ તે પોલીસે તેમને વાંચવા આપેલ નહી કે વાંચી સંભળાવેલ નહી.તેઓને આંક: ૧૨ નુ પંચનામુ બતાવવામા આવેલ જેમા પંચ નં.૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે. સહી કર્યા સિવાય બનાવ બાબત તેઓ કશુ જાણતા નથી.

આમ, સદર પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીનાઓએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરતા તેમા પણ કોઈ મહત્વની અને ફળદાયી હકીકત રેકર્ડ પર આવેલ નથી. જયારે સદર પંચસાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા એ વાતને સ્વીકારેલ છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામા પોલીસના કહેવાથી સહી કરેલી, તે સિવાય બીજી કોઈ જ માહીતી નથી તેમની રૂબરૂ પોલીસે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરેલ નથી.

**(૭.૩)** વધુમા સદર કામે ત.ક.અ સરદારસંગ ભરતસંગ રાઠોડનાઓને આંક: ૨૪ થી તપાસવામા આવેલ છે. તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,૧૬/૨/૨૦૨૩

ના રોજ તેઓ પેટ્રોલીંગમા હતા તે વખતે અ.હે.કો જગદીશભાઈને ખાનગી રાહે બાતમી મળેલ કે ચાચરાવાડી વાસમા રહેતો મહેશકુમાર મોન્ટુ ડાહ્યાભાઈ ચૌહાણ પોતાના ઘરમાં ઈંગ્લીશ દારુનુ વેચાણ કરે છે જેથી નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી તેઓને બાતમી હકીકતથી વાકેફ કરી બાતમી વાળી જગ્યાએ રેઈડ કરવા સારુ ગયેલ તે સમયે આ કામના આરોપી હાજર મળી આવેલ તેનુ પોલીસ તથા પંચો રુબરુ નામઠામ પુછતા મયુરકુમાર મોન્ટુ હોવાનુ જણાવેલ અને તેની હાજરીમા મકાનમા તપાસ કરતા મેળાના ભાગમા મીણચાનો એક કોથળો મળી આવેલ જે પંચો રુબરુ તપાસતા ભારતીય બનાવટની રોયલ જનરલ પ્રીમીયમ વ્હીસ્કી ફોર સેલ ઈન ચુટી ચંદીગઢ ૭૫૦ મીલીની બોટલ કુલ ૨૨ નંગ મળી આવેલ જેની એક બોટલની કીંમત રૂ.૫૦૦/– લેખે ગણી કુલ ૨૨ બોટલની કીંમત રૂ.૧૧,૦૦૦/– ગણી .સદર મુદામાલ અંગેની પાસ પરમીટ માગણા ના હોવાનુ જણાવેલ. બાદ કલાક ૨૧/૧૫ થી ૨૧/૪૫ વાગા સુધીનુ પંચનામુ કરેલ તથા મુદામાલ કબજે કરેલ. આરોપી વીરુદઘની ફરીયાદ જગદીશભાઈએ આપેલ જે આંક ૧૦ થી રજુ રાખવામા આવેલ છે જેમા તેઓએ તેમની સહી ઓળખી બતાવેલ છે . બાદ તપાસ તેઓને સોંપતા તેઓએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલ તથા આરોપી વીરુદઘ પુરતો પુરાવો જણાતા નામ.કોર્ટમા ચાર્જશીટ દાખલ કરેલ.

જયારે સદર ત.ક.અ.ની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા એ હકીકતને ઈન્કારેલ છે કે, સાહોદોના નીવેદનો અમોએ જાતે લખી લીધેલ . એ વાત ખરી છે કે મુદામાલ મળેલ સ્થળનાકોઈ માલીકી અંગેના પુરાવા આ કામે સામેલ રાખેલ નથી. એ વાત ખરી નથી કે સદર કામે પુરતો પુરાવો નહી હોવા છતાં આરોપી વિરુદ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ છે . માત્ર સારી કામગીરી દર્શાવવા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૮) આમ સમગ્ર પુરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરિયાદપક્ષના

કેસ મુજબ તેઓએ ફરિયાદમાં જણાવ્યા મુજબની તારીખ અને સમયે આ કામના આરોપીનાઓએ કોઈ પણ જાતના પાસ પરમીટ કે આધાર વગર પોતાના કબ્જામાં ગે.કા. ભારતીય બનાવટની રોયલ જનરલ પ્રીમીયમ વ્હીસ્કી ફોર સેલ ઈન યુ.ટી. ચંદીગઢ ૭૫૦ એમ.એલની સીલબંધ મળી આવેલ જે એક બોટલની કીંમત રૂ.૫૦૦/– લેખે કુલ બોટલ નંગ ૨૨ ની કીંમત રૂ.૧૧૦૦૦/–ના મુદામાલ સાથે પકડાઈ જઈ આરોપી સામે ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ ૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબ હાલનો કેસ દાખલ કરેલ છે. પ્રોહિબિશન એકટની કલમ ૧૧૬(બી)માં જાણીતી બ્રાન્ડના કેફી પીણા માટે અનુમાન છે. ફરિયાદપક્ષના કોઈ સાહેદ દવારા આરોપી પાસેથી પકડાયેલ બોટલો ઉપર તેના ઉત્પાદકનું અસલ લેબલ હતું તેવું કોઈ કથન કરેલ નથી કે દારૂની બોટલો ઉપરનુ લેબલ અસલ છે કે નહીં તે બાબતે બોટલ ઉપર જણાવેલ ઉત્પાદકનું નિવેદન લીધેલ નથી. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ગુલાબભાઈ રણછોડભાઈ વિ. વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૨ (૨) જી.એલ. એચ. (યુ.જે) ૧૧ નાં ચુકાદામાં પ્રોહિબિશન એકટ કલમ ૧૧૬–બી બાબતે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

"From this seizure memo, it is established that the bottles are sealed one, they contained label indicating the name of the known brand and except items Nos. 2 and 3, it also contains the name of its manufacturers. But in my opinion, this fact by itself, does not suffice to draw the presumption under Section 116-B of the BP Act. What is also required under Section 116-B of the Act is that the sealed bottles must bear the original label indicating the name of known brand and the name of its manufacturer. The prosecution, therefore, should

establish that the labels on the bottle which indicate the name of the brand as well as manufacturer are the original labels. In the present case, the prosecution has examined two witnesses, namely, Mr. P.D. Waghela, complainant and Mr, Bhupatsinh Solanki, one of the signatory of the seizure memo. In their evidence before the Court, they have not stated that labels on the bottles are the original one. It is admitted by Mr. Vaghela, complainant, that they have not recorded the statement of any of the manufacturers. In absence of examination of any manufacturer of the product as appeared from the labels on the bottle, it cannot be presumed that the labels appearing on the bottles are the original one. Neither the complainant nor the witnesses of seizure memo has stated that the labels appearing on the bottles are original one. To draw presumption under Section 116-B of the Act, the prosecution has to establish that the labels found on the sealed bottles indicating the names of the known brand and the name of the manufacturer, are the original one. In absence of this evidence as to the label being original, requirements of Section 116-B are not satisfied. As the requirements of Section 116-B are not satisfied, presumption thereunder cannot be drawn. As presumption cannot be drawn and as there is no evidence to prove by evidence of the Chemical Analyser that the accused were in possession of prohibitory liquor, the conviction under Sections 65 (A) 5 and 66 (1) (b) cannot be sustained.*”*

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ પ્રોસિકયૂશને કબજે કરેલ દારુની બોટલોના ઉત્પાદકોનું કોઈ નિવેદન લીધેલ નથી. આમ પ્રોસિકયૂશન આરોપી સામે ગુજરાત પ્રોહિબિશન એકટ કલમ ૧૧૬(બી) મુજબનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૯) આ ઉપરાંત આ સમગ્ર કેસની હકીકતો જોતા ફરિયાદપક્ષ ધ્વારા આ કામે ફકત પોલીસ સાહેદ જ તપાસેલા છે, જયારે પ્રોસિકયૂશનના કેસ મુજબ કહેવાતા બનાવ સ્થળની જગ્યા રહેણાંક વિસ્તાર છે ત્યાં ઘણા બધા રહેણાંકના મકાનો આવેલા છે અને ઘણાબધા માણસોની અવરજવર રહે છે, તો પ્રોસિકયૂશન પોતાનો કેસ સાબિત કરવા સ્વતંત્ર સાહેદોને તપાસી શકયુ હોત. તેટલું જ નહીં પણ ફરિયાદપક્ષના કેસ મુજબ જે પંચની રૂબરૂમાં દારૂની બોટલો કબ્જે કરવામાં આવેલ તેપંચની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પોલીસે તેઓને બોલાવેલા અને પોલીસે તેઓને બોલાવી તેઓની એક તૈયાર પંચનામામા તેઓની સહી કરાવેલી, પંચનામાની વિગતે બાબતે તેઓ કશુ જાણતા નથી . તેમજ આ પંચ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ કબુલ કરેલ છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામા સહી કરેલ પોલીસે તેમનુ રૂબરૂ ઈંગ્લીશ દારૂ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી . આમ આ પંચસાહેદ સદર પંચનામાની હકિકતોને બિલકૂલ સમર્થન આપતા નથી. તેમજ હાલના કામે જે પોલીસ સાહેદ તપાસવામાં આવેલા છે તે હિત ધરાવતા સાહેદ હોય અને તેઓએ તેમની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી તેઓના પુરાવામાં જણાવેલ હોય તેથી જયાં સુધી આવા સાહેદના પુરાવાને કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન ન મળે ત્યાં સુધી નિ:શંકપણે માની શકાય નહી. વધુમા કબજે લીધેલ માદક પદાર્થને એફ.એસ.એલ.મા તપાસ અર્થે મોકલાવેલ નથી તેમજ કોઈ રીપોર્ટ રજુ રાખેલ નથી જેથી પણ આ માદક પદાર્થ વિદેશીદારૂ હોવાનુ પુરવાર થતુ નથી. આમ

આ કામના આરોપીએ ભારતીય બનાવટનો રોયલ જનરલ પ્રીમીયમ વ્હીસ્કી ફોર સેલ ઈન યુ.ટી. ચંદીગઢ ૭૫૦ એમ.એલની સીલબંધ મળી આવેલ જે એક બોટલની કીંમત રૂ.૫૦૦/– લેખે કુલ બોટલ નંગ ૨૨ ની કીંમત રૂ.૧૧૦૦૦/–ના મુદામાલ સાથે પકડાઈ ગયેલ હોવા બાબતે રેકર્ડ પર કોઈ ઠોસ પુરાવો આવેલ ન હોય તે બાબત પુરવાર થતી ન હોય, ફરીયાદપક્ષના કેસ મુજબનો કોઈ ગુનો સાબીત થતો ન હોય મુદદા નં. ૧ નો જવાબ 'નકાર' માં આપુ છું. અને મુદદા નં.૨ અન્વયે નીચે મુજબ નો આખરી હુકમ ફરમાવુ છુ.

**–:: આ ખ રી હુ ક મ ::–**

આ કામના આરોપીઓ (૧) મયુરકુમાર મોન્ટુ ડાહયાભાઈ ચૌહાણ રહે. વણકરવાસ બેકસ્ટર પાણીની ટાંકી સામે ચાચરાવાડી વાસણાગામ તા.સાણંદ જી.અમદાવાદ (૨) બળદેવભાઈ ઉર્ફે રાહુલ રાજુભાઈ ઠાકોર રહે. ગરબાચોક ભાતગામ દસક્રોઈ અમદાવાદનાઓને ક્રી.પો.કોડની કલમ ૨૪૮(૧) મુજબ પ્રોહિબિશન એકટ કલમ: ૬૫(એ)(એ),૧૧૬(બી) ના કામે નિર્દોષ છોડી મૂકવા હુકમ કરવામા આવે છે.

(૨) સદર ચુકાદા વિરૂધ્ધ ભવિષ્યમા અપીલ થાય તો તેવા સંજોગોમા એપેલેટ કોર્ટ સમક્ષ આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ક્રિમિનલ પ્રોસિજર કોડ ૧૯૭૩ની કલમ–૪૩૭ એ ની જોગવાઈ મુજબ અગાઉના જામીનદાર ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપીઓના અગાઉના જામીન ના હોય તો તે સંજોગોમા પ્રત્યેક આરોપીએ રૂા.૫૦૦૦/–ના અપીલ સમયના નવા જામીનખત અને જાતમુચરકા રજૂ રાખવા.

(૩) સદરહુ ગુનાના કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર કાર્યવાહી કરી નાશ કરવો.

આ હુકમ આજ રોજ તારીખ: ૨૯, માહે : જુન, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૯/૬/૨૦૨૬

સાણંદ

**(એ.પી.દવે)**

એડી.જયુડી.મેજિ.ફ.ક.

સાણંદ

**(JUDGE CODE GJ01678)**